કડા ગામની નાગરશેરીમાં શરદોત્સવ ઉજવાયો

ઊંઝા, તા. ૨૯

આસોમાસની શરદપૂનમની ચાંદની રાતનાં વિસનગર તાલુકાના કડા ગામમાં ઈન્દ્રલોકની પરીઓનો અનોખો કાર્યક્રમ વર્ષોથી પરંપરાગત રીતે ઉજવાય છે. માન્યામાં ન આવે તેવી લગભગ ૧૫૦ વર્ષ જુની માન્યતા પ્રમાણે શરદપૂર્ણિમાએ ગામના તપોધન બ્રાહ્મણ પરિવારોના બે અપરિણીત કુમારોએ પરીની વેશભૂષા કરી ગામમાં પ્રદક્ષિણા કરી હતી.

કડા ગામની નાગરશેરીમાં ૧૫૦ વર્ષથી દર વર્ષે આસોનું અજવાળીયું આખું શરદોત્સવમાં ઝુમી ઉઠે છે. લાકડાં ઉપર આબેહુબ કોતરણી યુકત માંડવી અત્રેના તપોધન બ્રાહ્મણો કડીથી માતાજીની માંડવી લાવ્યા હતા. આસોનું ઉજળું પખવાડીયું સતત મા જગદંબાના ગુણલા ગાઈ પૂનમની ચાંદનીમાં ગામના સુખાકારી વર્ષ નિમિત્તે અર્ચન-પૂજન સાથે માત્ર મિણબત્તીના અજવાળે પરીઓની સવારી કાઢવામાં આવે છે.

માતાજી સમક્ષ દર્શન કરાવી બે કુવારાં કુમારોને ગામમાં પ્રદિક્ષિણા કરાવવામાં આવે છે. જેમના દર્શન કરવા માટે ગામ આખું ઉમટે છે. શરદપૂર્ણિમા નિમિત્તે ગામમાં સામૂહિક ઉજાણી પણ કરવામાં આવે છે. જેમાં અઢારેક વર્ણ એક સાથે જોડાઈને માતાજીને શાંતિ, સુખકારી, બંધુત્વની ભાવના લોકોમાં કેળવવા આજીજી કરવામાં આવે છે.

૧૦૦ વર્ષ અગાઉ પરીઓના વેશો, પ્રદિક્ષણા કરીને માતાજી સમક્ષ પાછા આવેલા તપોધન કુમારે, અરવલ્લીની ગીરીમાળાઓ મધ્યે બિરાજમાન શ્રી આરાસુરી માતાજી સમક્ષ વેશ ઉતારવા પગપાળા જતા હતાં સમયાંતરે આ પદયાત્રા બંધ થતાં, હાલમાં માત્ર પરીઓની સવારી કાઢવાનું કરવહું આજે પણ યથાવત જળવાયેલ છે. આ પરંપરાને જાળવી રાખવા માટે શ્રી શકિત સેવક મંડળ, નાગરશેરીના યુવાનો હૈયાના થનગનાટ સાથે આધુનિક યુગમાં પણ જૂની પરંપરા જાળવી રાખી છે.

ડીસા શહેર પોલીસે જુગાર રમતા ૧૧ શકુનીઓને ઝડપી પાડ્યા

ડીસા, તા. ૨૯

ડીસા શહેરી વિસ્તારમાં આવેલ ખાડિયા ચોકમાં શહેર પોલીસે આજે સાંજે બાતમીના આધારે દરોડો પાડી જુગાર રમતા ૧૧ શકુનીને ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી રૂ. ૧૦,૨૨૦નો મુદ્દામાલ તેમજ જુગાર રમવાના સાહિત્ય કબજે લઈ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ડીસા શહેર પોલીસમથકના પી.આઈ. ભદોરીયાને ખાનગી રાહે બાતમી મળી હતી કે ડીસા શહેરના ખાડિયા વિસ્તારમાં કેટલાક જુગારીયાઓ ગંજીપાનાનો જુગાર રમી રહ્યા છે. જે હકીકતના આધારે ડી સ્ટાફ પોલીસના મણીલાલ, હસમુખભાઈ તેમજ અન્ય પોલીસ કર્મીઓએ દરોડો પાડી જુગાર રમતા ૧૧ જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી સાત મોબાઈલ તેમજ રોકડ મળી કુલ ૧૦,૨૨૦નો મુદ્દામાલ કબજે લઈ તમામ વિરૂદ્ધ જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાટણના માતરવાડી પાસે જીપ-ટેન્કર વચ્ચે અકસ્માત : બેનાં મોત, પાંચ ઘાયલ

પાટણ, તા. ૨૯

પાટણ શહેરમાં સરસ્વતિ પુલ પાસે ગતરોજ વહેલી સવારે કમાન્ડર જીપ અને વિમલડેરીના ટેન્કર વચ્ચે અકસ્માત સર્જાવા પામ્યો હતો. તેમાં બે વ્યક્તિઓના ઘટનાસ્થળે મૃત્યુ પામ્યા હતા.

પાટમ સરસ્વતિ પુલ પાસે આવેલા માતરવાડી પાસે ગતરોજ સવારના સમયે ઉંબરી ગામ તરફથી આવી રહેલી કમાન્ડર જીપ નં. જીજે-૧૮-એએ-૬૫૨૪ તેના પાટણ તરફથી આવી રહેલા વિમલ ડેરીનું ટેન્કર નંબર જીજે-૨-ઝેડ-૩૨ જે રોંગસાઈડમાં આવતુ હતુ. ટેન્કર ચાલક અચાનક ડ્રાઈવર સાઈડમાં ટન મારી વળવા ગયેલ ત્યારે જીપને પાછળનો ટેન્કરનો ભાગ અડતાં જીપ ફંગોલાઈને ઝાડીમાં ઘુસી જતાં જીપમાં બેઠેલા ઠાકોર મહેશ જી. સોમાજી રહે. ગુરૂનગર સોસાયટી પાટણ તેમજ દરબાર દશરત જી. ધારસીજી રહે. કંબોઈ તા. કાંકરેજને વધુ ઈજાઓ થતાં તેમનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. તેમજ અન્યોને નાની મોટી ઈજાઓ થતા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વધુમાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ડીસામાં હનુમાન તરીકે ઓળખાતા જીવદયા પ્રેમી નારીભાઈનો કેન્સર સામે જંગ

ડીસા, તા. ૨૯

ડીસા શહેરમાં ઉજવાતા ધાર્મિક અને રાષ્ટ્રીય પ્રસંગો વખતે હનુમાનનો વેશ સજી લોકોને મનોરંજન પિરસનાર અને જીવદયા તેમજ અનોખી માનવતા ધરાવતા નારણદાસ હોટચંદ રંગાણી ઉર્ફે નારી (ઉ.વ. ૪૮) છેલ્લા ત્રણ મહીનાથી જડબાના કેન્સરથી પિડાતા તેમની હાલત દયનિય બની જવા પામી છે. એટલે એક સમયે શહેરની સડકો પર વિવિધ વેશભૂષાઓમાં સજ્જ થઈ ફરતા અને લોકોને હસાવતા નારીભાઈ આજે કેન્સર સામે જંગ ખેલી રહ્યા છે.

શહેરના ઉમિયાનગર ખાતે રહેતા નારણદાસ હોટચંદ રંગાણી લારી ચલાવી પોતાના પરિવારનું ભરણ પોષણ કરે છે. સાથે સાથે ધાર્મિક વેશભૂષા ભજવવાનો અને પ્રાણીઓની સેવા કરવાનો ધુની શોખ ધરાવે છે. શહેરમાં નિકળતી ધાર્મિક શોભાયાત્રાઓમાં જો નારીભાઈ હનુમાન કે શિવજીનું પાત્ર ન પહેરે તો શોભાયાત્રાનો ઠઠારો અધુરો ગણાતો. રામનવમી, અગિયારસની રથયાત્રા, કૃષ્ણો જન્મોત્સવ, નવરાત્રી સહિતના કાર્યક્રમોમાં નારીભાઈ હનુમાન કે શિવજીના પાત્રમાં અચુક જોવા મળતા જો કે ખાસ કરીને નારીભાઈની હનુમાનના પાત્ર તરીકે લોકો વધારે ઓળખતા હતા. શોખની સાથે પોતાનું પરિવારજનોનું ભરણપોષણ કરવા માટે સવારે લારીમાં પીપરમેન્ટ, બિસ્કીટ, ચોકલેટ સહિત બાળકોને પ્રિય વસ્તુઓ લઈને વેચવા માટે નિકળી પડતા હતા. સાથે સાથે ગાયો, કુતરા, પોપટ, બિલાડા જેવા પ્રાણીઓ માટે રોટી, બિસ્કીટ, ડબલરોટી સહિતનો નાસ્તો પણ લારીમાં રાખતા હતા. જેના કારણે નારીભાઈની લારી જોતા જ ગાયો, કુતરાનું ટોળુ લારી આસપાસ થઈ જતુ અને નારીભાઈ પ્રેમથી તેમને ખવરાવતા.

ચૂંટણી વખતે પણ સી.એમ.નું માસ્ક પહેરી લોકોમાં આકર્ષણ જન્માવતા હતા. બાળકો, વડીલ અને પ્રાણીઓ પ્રત્યે અનહદ પ્રેમ ધરાવતા નારીભાઈ માણસ નાનો હતો પરંતુ તેનું વ્યક્તિત્વ મોટુ હતુ. પોતાની કૌટુંબિક અને આર્થિક પીડાઓ મનમાં જ ધરબી જનમાનસને મનોરંજન પુરૂ પાડતા અને પ્રાણીઓ પ્રત્યે અનોખો પ્રેમ ધરાવતા નારીભાઈનું જીવન અગરબત્તીની જેમ પોતે બળીને બીજાને સુવાસ આપવાનું હતું. શહેરવાસીઓ અને શહેરના તમામ જીવોને વ્હાલા એવા નારીભાઈ ત્રણ મહીનાથી કેન્સર સામે લડી રહ્યા છે. તેઓ આર્થિક રીતે પણ કંગાળ છે.૧૮ વર્ષની જુવાન દીકરી અસ્થિર મગજની છે જ્યારે એકનો એક પુત્ર પણ બેકાર છે. મોંગવારી, બિમારી અને આથિક પરિસ્થિતિના વમળ વચ્ચે પિસાઈ રહેલા નારીભાઈ કહે છે કે સારવારમાં વિલંબને કારણે કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે. પ્રથમ ભણશાળી હોસ્પિટલ ડીસા ખાતે સારવાર કરાવ્યા બાદ એક મહીનો ઘેર આરામ કર્યો હતો. જ્યારે સોમવારે અમદાવાદ ખાતે સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલી છે. પત્રકારોએ જ્યારે તેમની મુલાકાત લીધી ત્યારે આંખોમાં ઉપસી આવેલ આંસુ સાથે જણાવેલ કે લોકોએ ક્યારેય તમાકુનું સેવન કરવું જોઈએ નહી. હું લારી લઈને શાળાની બહાર ઉભો રહેતો ત્યારે બાળકો કેટલીકવાર મારી પાસે તમાકુ, ગુટખા અને સિગારેટની માંગણી કરતા હતા. પરંતુ હું તેમને સમજાવતો હતો કે આવી વસ્તુનુ સેવન ન કરાય અને મે પણ ક્યારેય આરોગ્યને જોખમરૂપ વસ્તુઓનું વેચાણ કર્યું નથી.

હિંમતનગર હુંજ પાટિયા પાસેથી ૧૧ બોટલ વિદેશી દારૂ સાથે બે પકડાયા

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના હુંજ પાટિયા પાસેથી રવિવારના રોજ મોડી સાંજે ગાંભોઈ પોલીસે બાતમીના આધારે બે જણાને વિદેશી દારૂની ૧૧ બોટલ સાથે પકડી પાડી તેમના વિરૂદ્ધ ગાંભોઈ પોલીસમથકે ગુનો નોંધ્યો હતો.

વિગત મુજબ ગાંભોઈ પોલીસમથકના પી.એસ.આઈ. જે.આર. ઝાલાને મળેલ બાતમી આધારે રાયગઢ ઓપીના મનસુખભાઈ માવજીભાઈ સહિત સ્ટાફ રવિવારના રોજ ગાંભોઈથી ભિલોડા માર્ગ પર આવેલ હુંજ પાટિયા ગામ નજીક રોડ પર વોચ કરી રહ્યા હતા. દરમિયાન સાંજે ૬.૩૦ વાગેના સુમારે વાવડી ગામના લાલસિંહ તખતદસિંહ મકવાણા અને જગતસિંહ કાળુસિંહ મકવાણા બંને જણા પ્લાસ્ટિકના થેલામાં વિદેશી દારૂની ૧૧ બોટલ રૂ. ૩૩૦૦ની કિંમતની લઈ આવતા પોલીસે બંને જણાને પકડી પાડી માલ કબજે કરી બંને વિરૂદ્ધ ગાંભોઈ પોલીસમથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

કાંકરેજ તાલુકાના શિહોરી મુકામે સ્થિત ગાય માતા મંદિરે આસો સુદ-૧૫ (પૂનમ)ના દિવસે ભવ્ય લોક મેળો યોજાયો હતો. જેમાં હજારો શ્રધ્ધાળુઓએ માતાના મંદિરે પૂજા અર્ચના અને દર્શનનો લાભ લઈ મેળાની મજા માણી હતી. (તસવીર : હેમુભા વાઘેલા)

પાલનપુર સહિત જિલ્લાભરમાં મિઠાઈ-ફરસાણમાં અખાદ્ય કેમીકલ પદાર્થોની વ્યાપક ભેળસેળ

(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૨૯

નવરાત્રી, દશેરા અને શરદપુનમ બાદ પવિત્ર અને મહાપર્વ સમાન દિવાળીના મહાપર્વની સર્વત્ર તડામાર તૈયારીઓ સૌ કોઈ લોકો કરી રહ્યા છે. ત્યારે નજીવા આર્થિક સ્વાર્થ ખાતર મીઠાઈ ફરસાણમાં કેટલાક લોકો જનજીવન આરોગ્ય સાથે લોકોના જીવન સાથે ચેંડા કરી અખાદ્ય પદાર્થો કેમીકલનો ઉપયોગ કરી રહ્યાની ભેળસેળ કરતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જિલ્લાના વડા મથક પાલનપુર વેપારી મથક ડીસા, ધાનેરા, પાંથાવાડા,દાંતીવાડા, વડગામ, દાંતા, અંબાજી અને સરહદી વિસ્તારના તાલુકા મથકો પર દિવાળીના મહા પર્વે અનેક સીકુનીયા લોકો મીઠાઈ ફરસાણની હાટડીઓ વાળા અને કેટલાંક મોટાજાણીતા ફરસાણવાળાઓ પૈકી કેટલાક સમાજ વિરોધી અને લોકોનું જે થવું હોય તે થાય મને રૂપિયા મળવા જોઈએ તે નિતી અખત્યાર કરતા લોકો જન આરોગ્ય સાથે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરી ખીલવાડ કરી રહ્યા છે. ત્યારે જો આ કામગીરી કલેક્ટરશ્રી હસ્તકના પુરવઠા વિભાગ પાસે હોય તો તેમના દ્વારા અને હંમેશા હમા સમયસર લેવા અને નકલી ઘી, તેલના વેપારીઓ જોરેથી દર માસે અને દિવાળીની બોણી લેવા અચુક પહોંચતા ખોરાક ઔષધ નિયમન તંત્રના સરકારી અધિકારી, કર્મચારી સત્વરે પાલનપુર સહિત જિલ્લાભરમાં દિવાળીના મહાપર્વે મીઠાઈ ફરસાણમાં અખાદ્ય પદાર્થો કેમીકલ ભેળવતા વેપારીઓ સામે સત્વરે પગલા ભરી નિર્દોષ જનતાને આરોગ્યલક્ષી ગંભીર બાબતથી સુરક્ષીત રાખે તેમ ઉગ્ર જનમત પ્રવર્તી રહ્યો છે.

પાલિકામાં ફુડ ઈન્સ્પેક્ટરની જગ્યા ખાલી

આ સમગ્ર બાબતો પર અંકુશ રાખવા માટે નગરપાલિકા અને ખોરાક ઔષધ નિયમન તંત્ર વિભાગ દેખરેખ માટે સરકારે કામગીરી સોંપેલ છે. પરંતુ પાલનપુરીઓ માટે દુખદાયક અને પાલિકાના સત્તાધીશો માટે શરમજનક એ છે કે, નગરપાલિકામાં ફુડ ઈન્સ.ની જગ્યા વર્ષોથી ખાલી છે. વળી કમિટીઓમાં પણ ફુડ કમિટિ ખાલી નામ પુરતી જ હોવાની વર્તમાન કમિટિ ચેર. અલકા દિનેશ પંચાલે એક મુલાકાતમાં જણાવ્યું હતું. તથા તેમણે વધુમાં કહેલ કે સરકારશ્રીમાંથી પરિપત્ર આવેલ છે કે પાલિકા જોડેથી આ કામગીરી પાછી ખેંચી કલેક્ટર કચેરીના તાબા હેઠળ પુરવઠા શાખાને સોંપવી તેના કારણે નગરપાલિકાની ફુડ કમિટિનું બોર્ડ પણ અમે છેલ્લા બે માસથી કાઢી નાખેલ છે.

નામ પુરતી કમિટી : સરકારે પુરવઠાને ચાર્જ આપ્યા

કોટડા-ગઢીમાં બોગસ તબીબોનો રાફડો ફાટ્યો

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા તાલુકાના રાજસ્થાન સરહદ પરના અંતરિયાળ આદિવાસી વિસ્તારના કોટડા-ગઢી ગામમાં ડિગ્રી વિનાના બોગસ તબીબો ખાનગી દવાખાના ખોલીને આ વિસ્તારની ગરીબ આદિવાસી પ્રજાના આરોગ્ય સામે ચેડા કરતા મોતના સોદાગર આરોગ્ય અધિકારીઓના છુપા આશીર્વાદને કારણે આજે પણ બિન્દાસ્ત બેફામ પ્રેકટીસ કરી રહ્યા છે. જેથી ગરીબ આદીવાસી પ્રજાના આરોગ્ય સામે જોખમ ઉભુ થયું છે. આ અંગે સામાજીક કાર્યકર રમેશભાઈ લોર પાસેથી મળેલી માહિતી મુજબ કોટડાગઢીમાં ૧૦ થી વધુ બોગસ ડોક્ટરો કોઈપણ જાતની યોગ્ય લાયકાત વગરના આ ડોક્ટરો એલોપેથીની તમામ પદ્ધતિના ઈંજકેશન પ્રસુતિ ગર્ભપાત કરાવવા અને પલંગો રાખીને બાટલા ચડાવવા જેવી અનેક કામગીરી કરી રહ્યા છે. તેમજ કોઈપણ જાતની રોકટોક વગર હજારો રૂપિયાની એલોપેથીક ગોળીઓ દવાઓ બાટલા અને ઈંજેક્શનોનો જથ્થો રાખી આરોગ્ય તંત્રના અધિકારીઓની પરવા કર્યા વિના એલોપેથીક સારવાર કરી રહ્યા છે. રાજ્ય સરકારના ભ્રુણ હત્યા અટકાવવા અને બેટી બચાવો અભિયાનના નિયમો પણ નેવે મુકી ગર્ભપાત કરાવી રહ્યા છે.

કોટડાગઢી સેન્ટરમાં ૧૨ જેટલા ગામો આવેલા છે. જેમાં આરોગ્ય વિભાગ દ્વારા માત્ર એક નર્સ ફરજ પર હોવાથી તેમજ ડુંગરાળ વિસ્તારના લીધે યોગ્ય સારવાર મળતી નથી. જેથી આ વિસ્તારની પ્રજા બોગસ તબીબોનો સહારો લઈ રહ્યા છે. જેથી કોટડાગઢીમાં નવીન પી.એચ.સી. સેન્ટર શરૂ કરવામાં આવે તેવી પ્રજામાં માંગ ઉઠવા પામી છે અને લાંબડિયા પી.એસ.સી. ૨૦ કિ.મી. દૂર હોવાથી દર્દીઓ આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી ભાડુ ખર્ચીને જઈ શકતા નથી. આ વિસ્તારમાં પ્રેકીટસ કરતા બોગસ તબીબો ચંપકભાઈ પંડ્યા, શાબીરહુસેન મેમણ, અહેમદભાઈ મેમણ, રાજુભાઈ પ્રજાપતિ, ધર્મેશભાઈ પ્રજાપતિ, હિતેશભાઈ પંડ્યા, વિનોદભાઈ પ્રજાપતિ, દિલીપભાઈ સોની અને પ્રભુદાસ પ્રજાપતિ સારવારમાં સ્ટીરોઈડનો ઉપયોગ કરતા હોવાથી ગરીબ દર્દીની તબીયત વધુ કથળે ત્યારે ખેડબ્રહ્મા તેમજ ઈડર ખાતેના ડોક્ટરો પાસે મોકલીને જવાબદારીમાંથી છટકી જાય છે તેવી ચર્ચા લોક મુખે થઈ રહી છે.

અધિકારીઓના છુપા આશીર્વાદને કારણે બોગસ તબીબોના ધમધમતાં દવાખાનાં : જાહેર આરોગ્ય ઉપર તોળાઈ રહેલું જોખમ

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને કવાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
ફ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન